ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી
# GUJARAT UNIVERSITY

(NAAC Accredited B++)
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY,
POST BOX NO. 4010, NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA)

**નં. પરીક્ષા/લો/જન./૫૬૮૪૨/૨૦૧૯** **તા. ૧૧-૦૩-૨૦૧૯**

પરિપત્ર : ૩૭

પ્રતિ,
ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ઈન્ટિગ્રેટેડ લો કોલેજો આચાર્યશ્રીઓ તરફ

## Integrated Law સેમીસ્ટર-X જર્નલ યુનિવર્સિટીમાં જમા કરાવવા માટેની સૂચનાઓ

બારકાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ફરજીયાત રીતે ઠરાવેલ પરીક્ષાની Integrated Law Semester-X ની જર્નલ દરેક કોલેજે નીચેની સૂચનાઓનો ફરજિયાત પણે અમલ કરી તા. ૧૧-૦૪-૨૦૧૯ સુધી સવારે ૧૦-૦૦ થી ૪-૦૦ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી Examination Center-Law (પરીક્ષા ભવન) ખાતે જમા કરાવવાની રહેશે.

(૧) દરેક ઈન્ટિગ્રેટેડ લો કોલેજે તેમનાં વિદ્યાર્થીઓના યુનિવર્સિટી સીટ નંબર સાથે ત્રણે વિષયની લેખીત રજૂઆતો એકજ જર્નલમાં આપવાની રહેશે. કોઈ પણ કોલેજનાં વિદ્યાર્થીની લેખિત રજૂઆત અલગ-અલગ વિષયોની અલગ જર્નલ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં. તેથી જે તે કોલેજે ત્રણે વિષયોની લેખિત રજૂઆત એક જ જર્નલ બાઈન્ડ કરી તેનાં પર યુનિવર્સિટી સીટ નંબર લખી કોલેજનાં વિદ્યાર્થીઓનાં લીસ્ટ પ્રમાણે (ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ પર મુકેલ) તૈયાર કરી ૨૦-૨૦ જર્નલના બંડલ બાંધી મોકલવાનાં રહેશે.

(૨) જો વિદ્યાર્થીએ જર્નલ જમા ન કરાવેલ હોય તેમના નામ સીટ નંબર સામે આ સાથે મોકલેલ માર્કશીટમાં લાલ પેનથી Absent લખી મોકલવું. યુનિવર્સિટી કેન્ડિડેટ લીસ્ટ મુજબ તથા મોકલેલ ફોર્મેટ પ્રમાણે જ જર્નલ ગોઠવીને મોકલવી અન્યથા તે સ્વીકારવામાં આવશે નહી.

(૩) ઉપરોક્ત તારીખ બાદ (તા. ૧૧-૦૪-૨૦૧૯) પછી કોઈપણ સંજોગોમાં જર્નલ પરીક્ષા કેન્દ્રમાં સ્વીકારમાં આવશે નહીં.

(૪) આ સાથેનાં પર્ફોર્મામાં કોલેજે પોતાના વિદ્યાર્થીઓનાં યુનિવર્સિટી સીટ નંબર અને નામ જ લખવાનાં રહેશે. પરંતુ તેનાં માર્કસ કોલેજે મુકવાનાં નથી તેની ખાસ નોંધ લેવી. માત્ર જે વિદ્યાર્થીઓની જર્નલ ન આપેલ હોય તેમનાં નામ સામે જ Absent લખવાનું રહેશે.

પરીક્ષા નિયામક વતી.